નાયબ નિયામક(વિકસતિ જાતિ) ની કચેરી
સી-બ્લોક, બીજો માળ, નર્મદા ભવન, જેલ રોડ, વડોદરા

ફોન નં.-૨૪૨૬૬૨૨ E-MAIL:- swo-ddo-vad@gujarat.gov.in

---

નં.જિનાનિ/વિ.જા/૨૦૧૮-૧૯/ ૨૩૪૭થી ૨૩૫૯ તારીખ : ૦૫-૦૫-૨૦૧૮

તાત્કાલિક/સમયમર્યાદા

<u>પરીપત્ર</u>

વિષય :- વર્ષ ૨૦૧૭-૧૮ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓની પ્રિ.મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ મંજુર કરવા બાબત.

સંદર્ભ:- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા.ગાંધીનગરના પત્રનં. વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૧૬૬૫ તા.૦૧-૦૫-૨૦૧૮.

સવિનય સાથ ઉપરોક્ત વિષયે અન્વયેના સંદર્ભ દર્શીત પત્ર સંબંધે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૭-૧૮ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં અમુક શાળાઓ/કોલેજ/સંસ્થા કક્ષાએ પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ/અરજીઓ પેન્ડીંગ પડી રહેલ હોય તેવું ધ્યાને આવેલ છે. જે પૂર્ણ કરવા માટે તા.૧૩-૦૫-૨૦૧૮ સુધી શાળા/કોલેજ/સંસ્થાઓના લોગીન પણ ફરીથી શરૂ કરવામાં આવેલ છે.

જે વિદ્યાર્થી વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઈન અરજી કરવાની બાકી રહેલા હોય, કોઈ કારણોસર અરજી કરી શકેલ ન હોય કે અન્ય યોજના પસંદ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ આ સમય મર્યાદામાં અરજી કરી શકશે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન શિષ્યવૃત્તિના લાભથી વંચીત ન રહે તે ધ્યાને લઈ સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા આથી તાકીદ કરવામાં આવે છે. આ કારણસર કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચીત રહેવા પામશે કે પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના વડાની રહેશે. જે ધ્યાને લઈ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા ખાસ નોંધ લેવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
(વિ.જા.) વડોદરા

જિ.શિ.અ. કચેરી,વડોદરા
પત્રની નોંધણી નંબર
તારીખ
સહી
કચેરીની સહી..............

પ્રતિ,
પ્રિન્સીપાલશ્રી,..............................
જિ.વડોદરા (તમામ શાળા/કોલેજ/સંસ્થા)

<u>નકલ સવિનય રવાના:-</u>
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંક/ક
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮
તારીખ :

<u>નકલ રવાના:-</u>
૧. રજીસ્ટ્રારશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.
૨. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ટેકનો.યુનિવર્સિટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.